# રાજકોટ મહાનગરપાલિકા
## ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની પ્રાણી સંગ્રહાલય શાખામાં ૧(એક) જગ્યા સ્ટાફ સેટઅપની અને ૩(ત્રણ) જગ્યા ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ઉપસ્થિત કરવામાં આવેલ છે. નીચે જણાવ્યા મુજબ જગ્યા ભરવા માટે તા.૦૫/૦૬/૨૦૧૮ મંગળવાર સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. |
| ૧ | એનિમલ કીપર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | એનિમલ કીપર<br>ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | |
|---|---|
| **લાયકાત:-** | ધોરણ-૧૦ પાસ |
| **અનુભવ :-** | પ્રાણી સંગ્રહાલય/રેસ્ક્યુ સેન્ટર / બ્રીડીંગ સેન્ટરનો ૨ વર્ષનો અનુભવ |
| **માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા**<br>૧(એક) જગ્યા | ક્રમ નં.-૧ માં દર્શાવેલ જગ્યા માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૬૬૨૪/-<br>વયમર્યાદા : ૧૮ થી ૩૦ વર્ષ |
| **માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા**<br>૩(ત્રણ) જગ્યા ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી | ક્રમ નં.-૨ માં દર્શાવેલ જગ્યાઓ માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૬૬૨૪/-<br>વયમર્યાદા : ૧૮ થી ૩૦ વર્ષ |

**આરક્ષિત વર્ગ અને મહિલોઓ માટે**: આરક્ષિત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. મહિલા ઉમેદવારને આરક્ષિત વર્ગની જગ્યા પર અરજી કરશે તો તેમને પાંચ વર્ષની છુટછાટ તથા પાંચ વર્ષ મહિલા અનામતના એમ કુલ ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદા રહેશે.

❖ રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.

૧. ઉક્ત જગ્યાઓ પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો **www.rmc.gov.in** પરથી મેળવી શકાશે.
૨. મૌખિક ઇન્ટરવ્યુ/ પરીક્ષાની તારીખ, સિલેબસની જાણ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ **www.rmc.gov.in** પર જાણ કરવામાં આવશે.
૩. આરક્ષિત વર્ગના ઉમેદવારોએ રૂ.૫૦/-(પચાસ) તથા અન્ય ઉમેદવારોએ રૂ.૧૦૦/-(એકસો) ની પરીક્ષા ફી માત્ર અને માત્ર ઓનલાઈનથી જ જમા કરાવવાની રહેશે તેમજ સા.શૈ.પ.વર્ગના ઉમેદવારે ચાલુ નાણાંકીય વર્ષનું નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ રજુ કરવાનું રહેશે અન્યથા અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.
૪. ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
૫. અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહિ.
૬. અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ઉમરની ગણતરી કરવામાં આવશે.
૭. ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
૮. વધુ માહિતી માટે મહેકમ શાખા, બીજો માળ, રૂમ નં.-૧ નો સંપર્ક કરવો.
૯. એનિમલ કીપરની ક્રમ-૨ ની જગ્યા જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ઉપસ્થિત કરવામાં આવેલ હોય આ ૩(ત્રણ) જગ્યા રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને જનરલ બોર્ડની મંજૂરીને આધીન રહેશે.

**સહી: બી.એન.પાની**
**કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**

જાહેરાત

# રાજકોટ મહાનગરપાલિકા

પ્રાણી સંગ્રહાલય શાખામાં એનિમલ કિપરની જગ્યા ભરવા માટે ૧(એક) જગ્યા સ્ટાફ સેટઅપની અને ૩(ત્રણ) જગ્યા ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ઉપસ્થિત કરવામાં આવેલ છે જે જગ્યા ભરવા માટે નીચે મુજબની વિગતે કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૨૨/૦૫/૨૦૧૮ (૧૪:૦૦કલાક) થી તા.૦૫/૦૬/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૦૫/૦૬/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. |
| ૧ | એનિમલ કીપર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | એનિમલ કીપર<br>ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| | |
|---|---|
| લાયકાત:- | ધોરણ-૧૦ પાસ |
| અનુભવ :- | પ્રાણી સંગ્રહાલય/રેસ્ક્યુ સેન્ટર / બ્રીડીંગ સેન્ટરનો ૨ વર્ષનો અનુભવ |
| માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા<br>૧(એક) જગ્યા | ક્રમ નં.-૧ માં દર્શાવેલ જગ્યા માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૬૬૨૪/-<br>વયમર્યાદા : ૧૮ થી ૩૦ વર્ષ |
| માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા<br>૩(ત્રણ) જગ્યા ધી જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ ૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી | ક્રમ નં.-૨ માં દર્શાવેલ જગ્યાઓ માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૬૬૨૪/-<br>વયમર્યાદા : ૧૮ થી ૩૦ વર્ષ |

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨.ક તા.૩૦/૦૯/૦૬નાં ઠરાવ અન્વયે વર્ગ-૧ થી ૩ની જગ્યાઓમાં CCC પરીક્ષા ફરજીયાત છે.જે વિગતો ધ્યાને લેવી તેમજ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયકની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનીવર્સીટી અથવા સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં ડીગ્રી કે સર્ટિફીકેટ

કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમાં કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે આ પ્રકારની લાયકાત ન ધરાવતા ઉમેદવારો નિમણુંકને પાત્ર બનશે નહિ. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**નાગરિકત્વ:**

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઇથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

**ઉમર અને તેમાં છૂટછાટ:**

(૧) અરજી લોગ ઓન કરવાની છેલ્લી તા.૦૫/૦૬/૨૦૧૮ ના રોજ ૧૮ વર્ષ પુરા કરેલ હોવા જોઈએ અને ૩૦ વર્ષ પુરા કરેલ ન હોવા જોઈએ (૨) ઉમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે (૩) ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે. ૩(૧) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જન જાતિ.,અને સા.શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવાર-૫ વર્ષ , ૩(૨)બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર-૫ વર્ષ, ૩(૩) મૂળ ગુજરાતના અનુ.જન જાતિ.,અને સા.શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર-૧૦ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છુટછાટ જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.(૪) રાજકોટ મહાનગરપાલિકા કર્મચારીઓને વયમર્યાદામાં બાધ રહેશે નહિ. (૫) જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાંવધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે (૬) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામતની જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ (૭) બિનઅનામત તથા અનામત વર્ગોનાં મહિલા ઉમેદવારોને જ.બો.ઠરાવ નંબર-૦૩, તા.૧૮/૦૪/૨૦૧૬ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. (૮) જાહેરાતમાં જે કેટેગરીની જગ્યા દર્શાવેલ છે તે મુજબ ઉમેદવારોને ઉપરોક્ત શરતો/ઉમરમાં છુટછાટ લાગુ પડશે.

**સામાન્ય શરતો :**

૧. અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે. અરજી કર્યા બાદ પરત ખેચી શકાશે નહિ. ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેને લાયકીધોરણ(Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ્દ ગણાશે. ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૨. રાજકોટ મહાનગરપાલિકાની જાહેરાત સંદર્ભમાં મહાનગરપાલિકાના કર્મચારી બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૩. ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિનઅનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ CASTE/CATEGORY માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહી કે તેનો કોઈ પ્રત્યુત્તર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવશે નહિ ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૪. ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ ઉમેદવાર રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણનાં પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

૫. ઉમેદવારે અરજી પત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/ નિમણુંક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે.

૬. ઉમેદવારોની અરજીની સંખ્યાને ધ્યાને લઇ ભરતી પ્રક્રિયા બાબતે સક્ષમ અધિકારી દ્વારા શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફક્ત પ્રથમ તબક્કે પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવશે. આ બાબતે કોઈ કોર્ટ, દાવા, તકરાર ચાલશે નહિ.

૭. ઉમેદવારોને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સૂચના માટે www.rmc.gov.in વેબસાઈટ સતત જોતા રહેવા અનુરોધ છે.

૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૨/૧૯૯૬ નાં ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક નાં નમૂનામાં નાણાકીય વર્ષ-૨૦૧૭-૧૮ નું તા.૦૧/૦૪/૨૦૧૭ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૯. ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ્દ ગણવામાં આવશે.

૧૦. ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.

૧૧. એનિમલ કીપરની ક્રમ-૧ ની જગ્યા પર નિમણુંક થયા બાદ પ્રથમ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર રૂ. ૧૬૬૨૪/- મળવાપાત્ર થશે. પ્રથમ પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ ઉમેદવારની પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કર્યાની ખાતરી બાદ ઉમેદવારને સાતમાં પગારપંચ મુજબ પે-મેટ્રિક્સ, લેવલ-IS-2, રૂ.૧૫૦૦૦-૪૭૬૦૦/- (છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૪૪૪૦-૭૪૪૦ (ગ્રેડ પે-૧૪૦૦) )ના પગારધોરણ વાળી જગ્યા પર નિમણુંક મળવાપાત્ર થશે. તેમજ ક્રમ-૨ ની જગ્યા ધી જી.પી.એમ.સી.એક્ટ -૧૯૪૯ ની કલમ-૫૩(૩) હેઠળ ૬(છ) માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ઉપસ્થિત કરવામાં આવેલ હોય, આ જગ્યા રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને જનરલ બોર્ડની મંજૂરીને આધીન રહેશે.

## <u>અરજી ફી</u> :

- બિનઅનામત(સામાન્ય) કેટેગરીના પૂરૂષ તથા મહિલા ઉમેદવારો માટે રૂ.૧૦૦/- (એક સો પુરા) અરજી ફી તરીકે ભરવાના રહેશે જ્યારે અનુ.જાતી, અનુ.જન જાતી,સા.શૈ.પ.ના ઉમેદવારો માટે રૂ.૫૦/-(પચાસ) અરજી ફી તરીકે ભરવાના રહેશે. **આ** અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.

## <u>પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઈન્ટરવ્યુ</u>

- પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઈન્ટરવ્યુની તારીખની જાણકારી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર કરવામાં આવશે.